GJDH030005312023

Filed on :24/02/2023
Registered on :24/02/2023
Decided on :25/03/2026
Duration :YY-MM-Days
:03-01-01

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

---

**દેવગઢ બારીઆના મહે. એડી. જયુડીશીચલ મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેવગઢ બારીઆ.**

---

**શ્રી એસ.ઓ.ગર્ગ, એડી.જયુ.મેજી.ફ.ક.,દેવગઢબારીઆ.**
**(ચુકાદા તારીખ : ૨૫.૦૩.૨૦૨૬)**

**ક્રીમીનલ કેસ નં.૪૫૩/૨૦૨૩**
**આંક–**

| **એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | દેવગઢબારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો : | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી). |
| તહોમતનામા મુજબ તહોમત : | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી). |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | એસ.એમ.ડામોર |
| આરોપી : | ક્રિષ્ણપાલ બાલુરામ મીણા,<br>ઉ.વ.આ.૧૯, ધંધો– ખેતી,<br>રહે. અરનોડ, દુરાવલો કા ખેરા, તા. જી. પ્રતાપગઢ, રાજસ્થાન). |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | ડી.એચ.બારીઆ. |

# FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૨૩.૦૨.૨૦23 |
| ફરિયાદની તારીખ : | ૨૩.૦૨.૨૦23 |
| ચાર્જશીટની તારીખ : | ૨૪.૦૨.૨૦23 |
| તહોમત ફરમાવ્યા/પ્લી નોંધ્યા તારીખ : | ૨૪.૦૨.૨૦23 |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૨૪.૦૨.૨૦23 |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૨૫.૦૩.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૨૫.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપી નું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ક્રિષ્ણ પાલ બાલુ રામ મીણા | – | – | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ | શંકાનો લાભ આપી છોડી મૂકતો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

## FORM-C

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરિયાદ પક્ષ તરફે**

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ સોહીલઅલી મકસુદઅલી કાજીની જુબાની | ૧૨ |
| ૨. | પંચ સાહેદ આબીદભાઈ હકીમભાઈ શેખની જુબાની | ૧૪ |
| ૩. | ફરીયાદી રણજીતસિંહ ફતેસિંહ બારીઆની જુબાની | ૧૬ |
| ૪. | સાહેદ ડો. – અલ્પનાબેન સુરેશચંદ્ર જૈન ની જુબાની | ૩૩ |
| ૫. | સાહેદ રાકેશભાઈ થાવરાભાઈ પારઘીની જુબાની. | ૪૦ |
| ૬. | ત.ક.અમ. મુકેશકુમાર ઉદેસીંગ પટેલની જુબાની. | ૪૧ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું | ૧૩ |
| ૨. | ફરીયાદ | ૧૭ |
| ૩. | યાદી | ૩૪ |
| ૪. | ફોર્મ એ | ૩૫ |
| ૫. | ફોર્મ સી | ૩૬ |

<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

<u>મુદ્દામાલની વિગત</u>

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**–: JUDGEMENT :–**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩.૦૨.૨૦૨૩ ના રોજ કલાક ૦૧:૦૦ વાગ્યાના સુમારે મોજે. દેવગઢ બારીઆ ભે દરવાજા પાસે રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં મળી આવી પકડાઈ જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ દેવગઢબારીઆ પોલીસ સ્ટેશનમાં આપતાં, દેવગઢબારીઆ પોલીસ ે પ્રોહી ગુ.ર.ન. ૦૦૭૦/૨૦૨૩ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ–૨૦૭ મુજબ

પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ,ગુન્હા અંગે આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરતા ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી ફરીયાદ થયેલ હોઈ તેઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૪.** ત્યારબાદ એ.પી.પી.શ્રી તથા વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૩.૦૨.૨૦૨૩ ના રોજ કલાક ૦૧:૦૦ વાગ્યાના સુમારે મોજે. દેવગઢ બારીઆ ભે દરવાજા પાસે રોડ ઉપર પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં મળી આવી પકડાઈ જઈ ગુનો કરી પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું અંતિમ હુકમ ?

- ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેના કારણો</u> :-**

**<u>મુદ્દા નં. ૧</u> ::-**

**(પ.૧)** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**-: <u>ફરિયાદ પક્ષનો પુરાવો</u> :-**

**(પ.૩)** ત્યારબાદ આ કામે આંક-૧૩ થી આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું રજુ થયેલ છે. જેના પંચ નં.૧ તરીકે સોહીલઅલી મકસુદઅલી કાજીને આંક-૧૨ થી તપાસેલ છે. આ પંચ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, આજથી ચારેક મહીના અગાઉ તેઓ દે.બારીઆ પો.સ્ટે.માં તેમની ગાડી લેવા આવેલા તે સમયે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં તેમની સહી કરી આપેલી. તે કાગળ કઈ બાબતનો હતો તેની તેમને ખબર નથી. તે કાગળ તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને પંચનામુ બતાવતા તેમાં પંચ - ૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આ કામે આંક - ૧૩ થી રજુ કરેલ છે. આ પંચ આંક-૧૩ થી રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ-૧૫૪

મુજબ પરવાનગી આપતાં વિ.એ.પી.પી. શ્રી તરફથી ઉલટ તપાસ કરતાં આ પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે આ પંચની આરોપી તરફે ઉલટ તપાસમાં તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતા ન હોવાનો સ્વીકાર કરેલ છે.

**(૫.૪)** આ કામે પંચ નં.૨ તરીકે સાહેદ આબીદભાઈ હકીમભાઈ શેખને આંક–૧૪ થી તપાસેલ છે. આ પંચ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, આજથી ચારેક મહીના અગાઉ તેઓ દે.બારીઆ પો.સ્ટે. સામે ચા પીવા આવેલા તે સમયે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં તેમની સહી કરી આપેલી. તે કાગળ કઈ બાબતનો હતો તેની તેમને ખબર નથી. તે કાગળ તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. આ પંચ આંક–૧૩ થી રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપતાં વિ.એ.પી.પી. શ્રી તરફથી ઉલટ તપાસ કરતાં આ પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે આ પંચની આરોપી તરફે ઉલટ તપાસમાં તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતા ન હોવાનો સ્વીકાર કરેલ છે.

**(૫.૨)** હાલના આ કામે ફરીયાદપક્ષે ફરિયાદી રણજીતસિંહ ફતેસિંહ બારીઆ ને આંક– ૧૬ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૨૩/૦૨/૨૩ ના રોજ તેઓ તથા અ.હે.કો. રાકેશભાઈ થાવરાભાઈ, એ.એસ.આઈ. મુકેશભાઈ ઉદેસીંહ એ રીતેના સ્ટાફના માણસો સાથે દે.બારીયા પો.સ્ટે.માં નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જાણવા મળેલ કે દે.બારીયા ભે દરવાજા પાસે એકસીડન્ટ થયેલ છે, જેથી તેઓ તરત જ એકસીડન્ટવાળી જગ્યાએ ગયેલા અને જોયુ તો એક કાળા કલરની અકસયુવી–૩૦૦ ગાડી

નં. આર.જે.૩૫.સી.એ.૪૬૦૧ નો હતો અને તેના ચાલકને જોતાં તેનો ચાલક નશાની હાલતમાં હોય તેમજ તેની બાજુની શીટ ઉપર તથા પાછળની શીટ ઉપર બીજા બે ઈસમનો નશો કરેલી હાલતમાં મળી આવેલ હોય જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી સમજ કરી પંચો રૂબરૂ ડાઈવર શીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ કિષ્ણપાલ બાલુરામ મીણા, ઉ.વ. ૧૯, રહે. અરણોલ, તા.જી.પ્ર તાપગઢ, રાજસ્થાન હોવાનું તોતડાતી જીભે તુટક તુટક અવાજે જણાવેલ અને તેની આંખો બેટરીથી જોતાં દારૂના નશામાં ગેરાયેલી લાલચોળ હતી અને તેના મોઢામાંથી કેફીપીણુ પીધેલાની વાસ આવતી હતી અને તેને નીચે ઉતારી સીધી લીટીમાં ચલાવી જોતાં તે શરીરની સંભાળ રાખી શકતો ન હતો અને લથડીયા ખાતો હતો અને તેની પાસે દારૂ પીવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી તેના શરીર સ્થિતિનુ પંચનામુ તેઓની સાથેના એ.એસ.આઈ. મુકેશભાઈ ઉદેસીહ નાઓએ કરેલુ અને તેઓએ આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ : ૬૬(૧)(બી) મુજબ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવતા તેમાં ફરીયાદી તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા. તેઓ પ્ર ાઈવેટ વાહનમાં હતા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેમના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તઓ તેમની સાથે લેપટોપ કે પ્રીન્ટર સાથે લઈને નીકળેલા નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓને અકસ્માત અંગેની બાતમી મળેલી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળે જયારે તેઓ પહોચ્યા ત્યારે ડ્રાઈવર સીટ ઉપર કોણ બેઠેલુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓને બનાવવાળા વાહનમાંથી કોઈ પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે મળી આવેલ ત્રણેય ઈસમો

રાજસ્થાનના હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બારીયા તાલુકો રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડરને અડીને આવેલ છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે રાજસ્થાનના ઘણા માણસો પાવગઢ દર્શન કરવા આવતા હોય છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા બારીયા – પાવાગઢ હાઈવે રોડ ઉપર આવેલી છે અને તે રોડ ઉપર માણસો તથા વાહનોની અવર જવર રહે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ બનાવવાળા સ્થળે આરોપીઓનુ બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ આપ્યા બાદ પંચનામુ કરેલુ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેમની ફરીયાદમાં પંચોના નામઠામ લખેલા નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે લાંબો સમય ડ્રાઈવીંગ કરવાથી અને ઉજાગરાના લીધે માણસની આંખો લાલ હોઈ શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે અકસ્માતમાં ગભરાયેલ માણસ તેનુ બેલેન્સ રાખી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી સાથે અકસ્માતની કોઈ ફરીયાદ આપેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપીએ કોઈ નશો કરેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ આપી ખોટી જુબાની આપુ છુ.

**(પ.પ.)** ત્યારબાદ આ કામે સાહેદ ડો. અલ્પનાબેન સુરેશચંદ્ર જૈન ને આંક–૩૩ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ એમ.બી.બી.એસ.ની લાયકાત ધરાવે છે અને હાલ તેઓ જીલ્લા રકતપીત કચેરી ખાતે તેમની ફરજ બજાવે છે. તેઓ તા. ૨૩/૦૨/૨૦૨૩ ના રોજ રાત્રીના ૦૧:૦૦ વાગે દેવગઢ બારીયા, સબ ડીસ્ટ્રીકટ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે હાજર હતા તે વખતે દેવગઢબારીયા પો.સ્ટે. ખાતેથી મુકેશભાઈ જેઓનો બ.નં. ૧૦૭૧ હતો તેઓ તેમની પાસે ત્રણ દર્દી લઈને આવેલા જેમાંથી (૧) ક્રિશ્નપાલ બાલુરામ મીણા, ઉ.વ. ૧૯, રહે. આગલોડ, પ્રતાપગઢ, રાજસ્થાન (૨) વીપીન હરીપ્રકાશ પારધી, ઉ.વ. ૩૦, રહે. સુહોકગલી, પ્રતાપગઢ, રાજસ્થાન (૩) ઓમપ્રકાશ

રતનલાલ મીણા, ઉ.વ. ૩૫, રહે. કછોટીયા, પ્રતાપગઢ, રાજસ્થાન નાઓ હતા. ત્યારબાદ સદર ત્રણેય વ્યકિતઓનુ આલ્કોહોલ કંઝમ્પશન હેઠળ હોય તેઓનુ મેડીકલ કરવાનુ હોય તેવી યાદી તેઓને પો.કો. મુકેશભાઈ – બં. નં. ૧૦૭૧ નાઓએ આપેલી જે અસલ યાદી આંક –૩૪ થી રજુ છે. જે યાદીના આધારે તેઓ સદરહુ ત્રણેય વ્યકિતઓનુ મેડીકલ કરવાની પ્રોસીજર હાથ ધરેલી. જેમાં હાલના આરોપી દર્દી જેની ઉ.વ. ૧૯, વજન – ૫૯ કી.લો. હતુ અને તેના શ્વાસમાં આલ્કોહોલની સ્મેલ આવતી હતી. તેની ભાષા અસ્પષ્ટ હતી, તેઓની ચાલ લથડાતી હતી અને તઓની આંખની કીકી સામાન્ય હતી. ત્યારબાદ તેઓનુ બ્લડ સેમ્પલ લેવામાં આવેલુ તે માટે તેઓએ જે સીરીંજ વાપરેલી તે સ્ટરાઈલ હતી. જે તેઓએ વાયલ સદર કામે ઉપયોગમાં લીધેલ તેમાં અગાઉથી એન્ટીકોબ્યુલેન્ટ પાઉડર અને પ્રીઝર્વેટીવ નાખેલા હતા. ત્યારબાદ હાલના આરોપી દર્દીના ડાબા હાથ ઉપર સામાન્ય સલાઈનથી તેની ચામડી સાફ કરી ત્યાંથી પાંચ એમ.એલ. જેટલુ લોહી લઈ તે લોહી અગાઉથી એન્ટીકોબ્યુલેન્ટ પાઉડર અને પ્રીઝર્વેટીવ નાખેલા વાયલમાં લીધેલા અને તેને હાથ વડે હલાવી પછી તેને શીલથી બંધ કરી તેને એક ડબ્બામાં પેક કરી તેને પણ શીલ કરી અને ફોર્મ– એ માં આરોપીના જમણા હાથના અંગુઠાનુ નિશાન લીધેલુ અને ત્યારબાદ ફોર્મ – એ અને  ફોર્મ – બી ભરી અને ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે એનાલીસીસ માટે મોકલી આપેલ. જે ફોર્મ એ તેઓ તેમની સાથે લાવેલ છે. જેમાં મેડીકલ ઓફીસર તરીકે તેમની સહી અને સીકકો છે. જેને આંક –૩૫ થી રજુ કરેલ છે. આ બધી બાબતનુ તેઓએ ફોર્મ – બી તૈયાર કરેલુ. પરંતુ તપાસ કરતાં ફોર્મ– બી મળી આવતુ ન હોય તેઓ આજરોજ તેમની સાથે લાવેલ નથી. ત્યારબાદ બ્લડ સેમ્પલને કચેરીના સ્ટોરેજમાં મુકાવી દીધેલ અને ત્યારબાદ તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ તેમના  ઓફીસના કર્મચારીઓ ધ્વારા આર.પી.એ.ડી. ધ્વારા સદરહુ બ્લડ સેમ્પલને ગાંધીનગર ખાતે મોકલાવી દીધેલુ. ત્યારબાદ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતેથી ફોર્મ – સી આવી જતાં તેમાં જોતાં શ્રીમતિ એ.જી. પટેલ સાયન્ટીફીક ઓફીસર નાઓની સહી છે અને આ ફોર્મ – સી માં આરોપી દર્દીનુ નામમાં

ક્રિશ્નાપાલ બાલુરામ મીણા લખેલ છે અને તેના બ્લડ સેમ્પલ મોકલવાની તારીખ ૨૪/૨/૨૦૨૩ લખેલ છે અને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે બ્લડ સેમ્પલ મળી ગયાની તારીખ : ૦૨/૩/૨૦૨૩ લખેલી છે અને આ ફોર્મ –સી માં તેમના બ્લડમાં ૦.૦૬૯૯ ગ્રામ પરસન્ટેજ આલ્કોહોલની માત્રા દર્શાવેલી છે.જે જોતાં સામાન્ય કરતા વધારે આલ્કોહોલની માત્રા ગણાય. જે ફોર્મ – સી આજરોજ તેઓ તેમની સાથે લાવેલ છે. જે ફોર્મ – સી આંક – ૩૬ થી રજુ કરેલ છે.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ દેવગઢબારીયા રેફરલ હોસ્પીટલ ખાતે કોઈ મેડીકલ ઓફીસર ના હોય ત્યારે પ્રતિનિયુકિત તરીકે અમુક દિવસો સુધી તેમનુ પોસ્ટીંગ થતુ હોય છે. તેઓ મેડીકલ ઓફીસર તરીકે છેલ્લા ૨૫ વર્ષથી તેમની સેવાઓ આપે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ બ્લડ સેમ્પલીંગ અંગેના નિયમો જાણે છે. એ વાતનો સ્વીકાર કરે છે કે ફોમ– એ તેઓએ તેમના હસ્તાક્ષરમાં ભરેલુ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે દર્દીને તેમની પાસે લાવેલા ત્યારે તેની આંખની કીકી સામાન્ય હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે તેમની પાસે બનાવના દિવસે એક સાથે ત્રણ દર્દીઓને મેડીકલ માટે લાવેલા. એ વાતનો સ્વીકાર કરે છે કે કયા દર્દીને તેઓ પ્રથમ તપાસ ેલ તે તેઓ હાલ કહી શકે નહી. એ વાતનો સ્વીકાર કરે છે કે આંક – ૩૪ વાળા ફોર્મ – એ માં દર્દીના શરીરના કયા ભાગમાંથી અને કેટલા પ્રમાણમાં લોહી લીધેલુ તે જણાવેલ નથી. તુઓ સ્વેચ્છાએ જણાવે છે કે તેમના કેસ પેપર્સમાં દર્દીનુ લોહી કેટલા પ્રમાણમાં લીધેલુ તે જણાવેલ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે તેઓ ઈમરજન્સી વિભાગમાં તેમની ફરજ ઉપર હતા.એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સેમ્પલ લેવાની કામગીરી સ્ટાફનર્સ કરતા હોય છે અને હાલના કીસ્સામાં પણ સ્ટાફનર્સે તેમની હાજરીમાં બ્લડ સ ેમ્પલ લીધેલુ.એ વાતનો સ્વીકાર કરે છે કે જે સીરીંજ બ્લડ સેમ્પલ સારૂ ઉપયોગમાં લેવાની હોય તેને સ્ટરાઈઝ કરવી જરૂરી હોય છે. તેઓ સ્વેચ્છાએ જણાવે છે જે સીરીંજનો ઉપયોગ

તેઓએ કરેલો તે અગાઉથી સ્ટરાઈઝ કરેલ હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે જે વાયલ બ્લડ સેમ્પલ સારૂ ઉપયોગ કરેલ તે ખાલી હતી. એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સેમ્પલ લ ેવાથી લઈને તેની અંદર એન્ટીકોગ્યુલન્ટ અને પ્રીઝર્વેટીવ નાખવાની તથા શીલ પેક તથા લ ેબલીંગ કરવાની કામગીરી સ્ટાફનર્સે કરેલી. એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સેમ્પલને મોનોગ્રામ તથા રજી. પો.સ્ટ. એ.ડી. થી ગાંધીનગર મોકલવાની કામગીરી સ્ટાફના માણસો કરતા હોય છે. એ વાતનો સ્વીકાર કરે છે કે જે બ્લડ સેમ્પલ લીધેલુ તે તા.૨૩/૨/૨૦૨૩ ના રોજ રાત્રીના ૦૧:૦૦ કલાકે લીધેલુ.

(૫.૬) ત્યારબાદ આ કામે સાહેદ રાકેશભાઈ થાવરાભાઈ પારધી ને આંક-૪૦ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૨૩/૦૨/૨૩ ના રોજ તેઓ તથા અ.હે.કો. રણજીતસિંહ ફતેસિંહ, એ.એસ.આઈ. મુકેશભાઈ ઉદેસીંહ એ રીતેના સ્ટાફના માણસો સાથે દે.બારીયા પો.સ્ટે.માં નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જાણવા મળેલ કે દે.બારીયા ભે દરવાજા પાસે એકસીડન્ટ થયેલ છે, જેથી તેઓ તરત જ એકસીડન્ટવાળી જગ્યાએ ગયેલા અને જોયુ તો એક કાળા કલરની અકસયુવી-૩૦૦ ગાડી નં. આર.જે.૩૫.સી.એ.૪૬૦૧ નો હતો અને તેના ચાલકને જોતાં તેનો ચાલક નશાની હાલતમાં હોય તેમજ તેની બાજુની શીટ ઉપર તથા પાછળની શીટ ઉપર બીજા બે ઈસમનો નશો કરેલી હાલતમાં મળી આવેલ હોય જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી સમજ કરી પંચો રૂબરૂ ડાઈવર શીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ કિષ્ણપાલ બાલુરામ મીણા, ઉ.વ. ૧૯, રહે. અરણોલ, તા.જી.પ્રતાપગઢ, રાજસ્થાન હોવાનું તોતડાતી જીભે તુટક તુટક અવાજે જણાવેલ અને તેની આંખો બેટરીથી જોતાં દારૂના નશામાં ગેરાયેલી લાલચોળ હતી અને તેના મોઢામાંથી કેફીપીણુ પીધેલાની વાસ આવતી હતી અને તેને નીચે ઉતારી સીધી લીટીમાં ચલાવી જોતાં તે શરીરની સંભાળ રાખી શકતો ન હતો અને લથડીયા ખાતો હતો અને તેની પાસે દારૂ પીવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી તેના શરીર સ્થિતિનુ પંચનામુ તેમની સાથેના એ.એસ.આઈ.

મુકેશભાઈ ઉદેસીહ નાઓએ કરેલુ અને તેમની સાથેના અ.હે.કો. રણજીતસિંહ ફતેસિંહ નાઓએ આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ : ૬૬(૧)(બી) મુજબ ફરીયાદ આપેલી.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા. તેઓ પ્ર ાઈવેટ વાહનમાં હતા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેમના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ તેમની સાથે લેપટોપ કે પ્રીન્ટર સાથે લઈને નીકળેલા નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેમને અકસ્માત અંગેની બાતમી મળેલી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળે જયારે તેઓ પહોચ્યા ત્યારે ડ્રાઈવર સીટ ઉપર કોણ બેઠેલુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓને બનાવવાળા વાહનમાંથી કોઈ પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે મળી આવેલ ત્રણેય ઈસમો રાજસ્થાનના હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બારીયા તાલુકો રાજસ્થાન અને મધ્યપ્ર દેશની બોર્ડરને અડીને આવેલ છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે રાજસ્થાનના ઘણા માણસો પાવગઢ દર્શન કરવા આવતા હોય છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા બારીયા – પાવાગઢ હાઈવે રોડ ઉપર આવેલી છે અને તે રોડ ઉપર માણસો તથા વાહનોની અવર જવર રહે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે.તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ બનાવવાળા સ્થળે આરોપીઓનુ બ્રેથએનાલાઈઝર ટેસ્ટ કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ આપ્યા બાદ પંચનામુ કરેલુ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેમની ફરીયાદમાં પંચોના નામઠામ લખેલા નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે લાંબો સમય ડ્રાઈવીંગ કરવાથી

અને ઉજાગરાના લીધે માણસની આંખો લાલ હોઈ શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે અકસ્માતમાં ગભરાયેલ માણસ તેનુ બેલેન્સ રાખી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી સાથે અકસ્માતની કોઈ ફરીયાદ આપેલ નથી.

(પ.૬) ત્યારબાદ આ કામે ત.ક.અ. મુકેશકુમાર ઉદેસીંગ પટેલ ને આંક–૪૧ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૨૩/૦૨/૨૩ ના રોજ તેઓ તથા અ.હે.કો. રાકેશભાઈ થાવરાભા, અ.હે.કો. રણજીતસિંહ ફતેસિંહ એ રીતેના સ્ટાફના માણસો સાથે દે.બારીયા પો.સ્ટે.માં નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જાણવા મળેલ કે દે.બારીયા ભે દરવાજા પાસે એકસીડન્ટ થયેલ છે, જેથી તેઓ તરત જ એકસીડન્ટવાળી જગ્યાએ ગયેલા અને જોયુ તો એક કાળા કલરની અકસયુવી–૩૦૦ ગાડી નં. આર.જે.૩૫.સી.એ.૪૬૦૧ નો હતો અને તેના ચાલકને જોતાં તેનો ચાલક નશાની હાલતમાં હોય તેમજ તેની બાજુની શીટ ઉપર તથા પાછળની શીટ ઉપર બીજા બે ઈસમનો નશો કરેલી હાલતમાં મળી આવેલ હોય જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી સમજ કરી પંચો રૂબરૂ ડાઈવર શીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ કિષ્ણપાલ બાલુરામ મીણા, ઉ.વ. ૧૯, રહે. અરણોલ, તા.જી.પ્રતાપગઢ, રાજસ્થાન હોવાનું તોતડાતી જીભે તુટક તુટક અવાજે જણાવેલ અને તેની આંખો બેટરીથી જોતાં દારૂના નશામાં ગેરાયેલી લાલચોળ હતી અને તેના મોઢામાંથી કેફીપીણુ પીધેલાની વાસ આવતી હતી અને તેને નીચે ઉતારી સીધી લીટીમાં ચલાવી જોતાં તે શરીરની સંભાળ રાખી શકતો ન હતો અને લથડીયા ખાતો હતો અને તેની પાસે દારૂ પીવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી તેના શરીર સ્થિતિનુ પંચનામુ તેઓએ કરેલુ અને તેમની સાથેના અ.હે.કો. રણજીતસિંહ ફતેસિંહ નાઓએ આરોપી વિરુધ્ધ પ્રોહી એકટની કલમ : ૬૬(૧)(બી) મુજબ ફરીયાદ આપેલી. ત્યારબાદ સદર કામની તપાસ તેમને મળતાં તેઓએ સાહેદોના નિવેદન લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

આ ત.ક.અમલદારની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા. તેઓ પ્રાઈવેટ વાહનમાં હતા. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ખાનગી વાહનનો સરકારી કામે ઉપયોગ કરવો હોય તો તેમના ઉપલા અધિકારીની પરમીશન લેવી પડે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ તેમની સાથે લેપટોપ કે પ્રીન્ટર સાથે લઈને નીકળેલા નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓને અકસ્માત અંગેની બાતમી મળેલી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળે જયારે તેઓ પહોચ્યા ત્યારે ડ્રાઈવર સીટ ઉપર કોણ બેઠેલુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવના દિવસે તેઓને બનાવવાળા વાહનમાંથી કોઈ પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે મળી આવેલ ત્રણેય ઈસમો રાજસ્થાનના હતા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે` દાહોદ જીલ્લો રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડરને અડીને આવેલ છે.તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે રાજસ્થાનના ઘણા માણસો પાવગઢ દર્શન કરવા આવતા હોય છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા બારીયા – પાવાગઢ હાઈવે રોડ ઉપર આવેલી છે અને તે રોડ ઉપર માણસો તથા વાહનોની અવર જવર રહે છે.તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ બનાવવાળા સ્થળે આરોપીઓનુ બ્રેથએનાલાઈઝર ટેસ્ટ કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે ફરીયાદ આપ્યા બાદ પંચનામુ કરેલુ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદમાં પંચોના નામઠામ લખેલા નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે લાંબો સમય ડ્રાઈવીંગ કરવાથી અને ઉજાગરાના લીધે માણસની આંખો લાલ હોઈ શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે અકસ્માતમાં ગભરાયેલ માણસ તેનુ બેલેન્સ રાખી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી સાથે અકસ્માતની

કોઈ ફરીયાદ આપેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા ભે દરવાજા પાસે આવેલી છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ભે દરવાજા પાસે મકાનો તથા દુકાનો આવેલ છે. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે સદર કામનો બનાવ રાત્રી દરમ્યાન બનેલો. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ભે દરવાજાની આસપાસના રહીશો કે દુકાન માલીકોના નિવેદન લીધેલા નથી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ રાત્રીના સમયે બનેલ હોય તેથી લીધેલા નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ભે દરવાજા થઈ અને રાત્રી દરમ્યાન પાવાગઢ જતાં વાહનોની અવર જવર રહેતી હોય છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે પંચ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેઓ અ વાતનો ઈન્કાર કરે છે કે પંચોની હાજરીમાં પંચનામુ કરેલ નથી.

**–: <u>ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન</u> :–**

**(૫.૭)** ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર.૭૭** ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, બનાવ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન આપતા ના હોય તેમજ પોલીસ અધિકારીઓની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીઓની જુબાની ઉપર આધાર રાખીને સજા કરી શકાય નહી. આ સંજોગોમાં આ કામે આરોપીની શરીર સ્થિતિના પંચનામાને પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી આ કામના આરોપી બનાવ વખતે દારૂ પીધેલ હાલતમાં જાહેરમાં લવરી બકવાટ કરતો મળી આવેલ હોવાની હકિકત પુરવાર થતી નથી, જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે.

**(૫.૮)** આ કામે સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી ઉપર એવો આક્ષેપ છે કે તેઓ જાહેર જગ્યા ઉપર કેફી પદાર્થ પીણુ પીને જાહેરમાંથી નશો કરેલી હાલતમાં મળી આવેલ. આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૬ થી ફરીયાદીને તપાસવામા

આવેલ. તેઓની જુબાનીમાં બનાવ વખતે આરોપી નશો કરેલ હાલતમા મળી આવેલ. જેથી બે પંચોને બોલાવેલ અને તેનુ નામ પુછતા તોતડાતી જીભે તુટક તુટક અવાજે જણાવેલ અને તેની આંખો બેટરીથી જોતાં દારૂના નશામાં ઘેરાયેલી લાલચોળ હતી અને તેના મોઢામાંથી કેફી નશાયુકત પીણુ પીધેલાની વાસ આવતી હતી. આ કામે ઈસમ પાસે પાસ પરમીટ ન હોવાથી તેઓની વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામા આવેલ. આ કામે તે ફરીયાદ આંક–૧૭ થી રજુ કરેલ છે. આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે તેઓ બનાવના દિવસે પેટ્રોલીંગમાં હતા અને તેઓ તેમની સાથે લેપટોપ કે પ્રિન્ટર લઈ ગયેલા નહી. તેઓ ગાડી પાસે પહોચેલા ત્યાં ડ્રાઈવર શીટ ઉપર કોણ બેસેલુ હતુ તેવુ કહી શકે નહી. બનાવના દિવસે વાહનમાંથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ નહી. બનાવવાળી જગ્યા આજુબાજુ રહેણાંક વિસ્તાર છે. બનાવના દિવસે પેટ્રોલીંગમાં નીકળેલા તેમજ પંચોના નામ સરનામા ફરીયાદમાં જણાવેલ નથી અને તેઓ એનાલીસીસ મશીન તેમની સાથે બનાવના સ્થળે લઈ ગયેલા નહી. તેમજ આ કામે પંચોની હાજરીમાં આરોપીને પકડેલ હોવાનું જણાવે છે પરંતુ આ કામે આંક – ૧૨ થી પંચ સાહેદ સોહીલઅલી મકસુદઅલી કાજી તથા આંક –૧૪ થી પંચ સાહેદ આબીદભાઈ હકીમભાઈ શેખ ને તપાસવામા આવેલ. જેઓએ તેમની હાજરીમા આરોપીને દારૂ પીધેલ હાલતમાં પકડેલ હોય કે તેના શરીર સ્થિતિનું પંચનામુ કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરતા નથી અને પોલીસ ધ્વારા જે પંચોની હાજરીમા આરોપીની અટકાયત કરેલાનું જણાવેલ છે તે હકીકતને પણ સમર્થન કરતા નથી અને સદર પંચ સાહેદો આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી અને તે સિવાય તેમને બીજી કોઈ માહીતી નથી.

(૫.૯) આ કામે સૌથી મહત્વની જુબાની આંક–૩૩ થી ડો. અલ્પનાબેન સુરેશચંદ્ર જૈન ની છે, કેમ કે પોલીસે આરોપીને પકડયા બાદ તેની જે બ્લડ લેવાની કામગીરી હોય છે તે કરવા માટે તેને તપાસણી અર્થે લઈ જાય છે. આ કામે જે તબીબ આ બ્લડ લેતો હોય તેને બોમ્બે પ્રોહીબીશન એકટ (મેડીકલ એકઝામીનેશન અને બ્લડ ટેસ્ટ) ૧૯૫૯ ના રૂલ ૩

અને ૪ માં જણાવેલ જોગવાઈઓનું પાલન કરવાનું હોય છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અવધ બિહારી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન નં.૨૦૩/૧૯૮૯** માં જણાવ્યા મુજબ આ રૂલ્સની કઈ–કઈ જોગવાઈઓ આદેશાત્મક છે અને કઈ ડાયરેકટરી છે તે અંગે જણાવેલ છે.

**(૫.૧૦)** આ કામે ડોકટર દ્વારા આપેલ જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આરોપીની તપાસ કરતા તેના શ્વાસમા આલ્કોહોલની વાસ આવતી હતી તેની ભાષા અસ્પષ્ટ હતી અને તેની આંખોની કીકી સામાન્ય હતી. આ કામે ડોકટર દ્વારા જે આરોપીના શરીરમાંથી બ્લડ લેવામાં આવેલ તેમાં તેઓએ સામાન્ય સલાઈન ઉપયોગ કરેલ. આ કામે તેઓએ આ બ્લડ લઈ એક સ્ટડીલાઈઝ કરેલ ફીયાલમાં અગાઉથી ઉમેરેલ એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝર્વેટીવમાં પાંચ એમ.એલ. લોહી નાખી ફીયાલને બંધ કરીને હાથથી હલાવી સીલ લગાવી એફ.એસ.એલ. કચેરીમા મોકલી આપેલ છે. ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવના દિવસે એક સાથે ત્રણ દર્દી મેડીકલ માટે લાવેલા તથા કયા દર્દીને પ્રથમ તપાસેલ તે તેઓ હાલ કહી શકે નહી તથા આંક – ૩૫ થી રજુ કરેલ ફોર્મ – એ માં આરોપીના શરીરના કયા ભાગમાંથી બ્લડ લેવામાં આવેલુ તે જણાવેલ નથી તથા બ્લડ સેમ્પલ લેવાની કામગીરી સ્ટાફ નર્સે કરેલી તથા વાયલમાં બ્લડ સેમ્પલ લઈને તેની અંદર એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટીવ નાખવાની તથા શીલ પેક તથા લેબલીંગ કરવાની કામગીરી સ્ટાફ નર્સે કરેલી તથા બ્લડ સેમ્પલને મોનોગ્રામ તથા રજી.પો.એડી. થી ગાંધીનગર મોકલવાની કામગીરી સ્ટાફના માણસોએ કરેલી.

આ કામે મેડીકલ ઓફીસર પોતે સ્વીકાર કરેલ છે કે ફીયાલમાં અગાઉથી એન્ટીકોગ્યુલેન્ટ અને પ્રિઝરવેટીવ નાખેલા હોય છે, તે તેમના દ્વારા તૈયાર કરવામા આવેલ નથી. જેથી આ એક મેન્ડેટરી જોગવાઈ છે અને ડોકટર દ્વારા આ મેન્ડેટરી જોગવાઈનો ભંગ કરવામા આવેલ છે કારણ કે ડોકટર દ્વારા જણાવવામા આવેલ છે કે આ જે ફીયાલ છે તે તેમને અગાઉથી તૈયાર આવે છે જેથી બ્લડ રૂલ્સની જોગવાઈ મુજબ આ એક મેન્ડેટરી

જોગવાઈનો ભંગ થયો કહેવાય કેમ કે આ જે ફીયાલ છે તે ડોકટરે જાતે અથવા તેમની દેખરેખ હેઠળ તૈયાર થયેલ હોય તે જોવાનું હોય છે. વધુમાં, તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે બ્લડ સેમ્પલ લેવાની કામગીરી સ્ટાફ નર્સે કરેલી અને વાયલના બ્લડ લ ેવાથી લઈને તેમાં એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિઝરવેટીવ નાખવાની કામગીરી તથા શીલ પેક કરવાની તથા લેબલીંગ કરવાની કામગીરી સ્ટાફ નર્સે કરેલી અને બ્લડ સેમ્પલ ઉપર મોનોગ્ર ામ અને રજી.પો.એડી. થી ગાંધીનગર મોકલવાની કામગીરી સ્ટાફના માણસે કરેલી. જેથી અહી મેડીકલ ઓફીસરશ્રીના પુરાવા ઉપરથી એવુ જણાય છે કે બ્લડ સેમ્પલ લ ેવાથી લઈને બ્લડ સેમ્પલને ફોર્વડ કરવાની તમામ કામગીરી સ્ટાફના માણસોએ કરેલી છે, મેડીકલ ઓફીસરશ્રીએ પોતાની જાતે કરેલ નથી. જેથી આ કામે જયારે ડોકટર ઘ્વારા મેન્ડેટરી જોગવાઈઓનો ભંગ કરેલ છે તેવા સંજોગોમા જે ટેસ્ટનું પરિણામ આવેલ છે તેના ઉપર આધાર રાખી શકાય નહી. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ઘાંતોને ઘ્યાને લેતા તેમા જણાવેલ છે કે જો મેન્ડેટરી જોગવાઈનુ પાલન કરવામા ન આવે તો તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ.

આ કામે બોમ્બે પ્રોહીબીશન(મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૩ માં જણાવેલ છે કે,

"A registered medical practitioner before whom a person is produced under sub-section (1) of section 129A of the Act by a Police Officer or a Prohibition Officer for the purpose of medical examination of such person or collection of his blood, shall examine such person and, collect and forward in the manner prescribed in these rules, the blood of such person and furnish to the officer by whom such person was produced a certificate in Form "A" containing the result of

his examination and shall keep a copy of such certificate on his record."

રૂલ–૩ માં શબ્દ " **Shall** " નો ઉપયોગ કરવામાં આવેલ છે. જેથી જયારે કોઈ આરોપીને રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસ્નર સામે લાવવામાં આવે તો તે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસ્નરે આરોપીને જાતે તપાસવો પડે અને બ્લડ કલેકટ કરવાની અને ફોરવડ કરવાની જવાબદારી પણ રજીસ્ટર મેડીકલ પ્રેકટીસ્નરે જાતે કરવી પડે. પરંતુ હાલના કામે સમગ્ર પ્રક્રિયા રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનરે જાતે કરેલી નહી. આમ બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) ના રૂલ – ૩ નુ પાલન કરેલ નથી.

આ કામે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૪(૧) માં જણાવેલ છે કે

"The registered medical practitioner **shall** use a syringe for the collection of the blood of the person produced before him under rule 3. The syringe **shall** be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He **shall** clean with 1% aqueous solution of Mercurochrome or genitor violet, not containing alcohol or its solution the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol **shall** be touched at any stage while withdrawing blood from the body of the person. He **shall** withdraw not less than 5 c.c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe **shall** then be transferred into a phial containing

anticoagulant and preservative and the phial **shall** then be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial **shall** be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.”

રૂલ–૪(૧) માં શબ્દ **"Shall"** નો ઉપયોગ કરવામાં આવેલ છે. જેથી જયારે રજીસ્ટર મેડીકલ પ્રેકટીસ્નરે આરોપીનો બલ્ડ સીરીંજથી લેવાનો હોય છે. આ સીરીંજને વાપરતા પહેલા બોઈલીંગ વોટરમાં રાખી સ્ટેરીલાઈઝ કરવુ પડે. વધુમાં જે જગ્યાએ થી બલ્ડ કાઢવાનુ હોય તે જગ્યાની ચામડીને ૧% એકયુઅસ સોલ્યુસન ઓફ મરકયુરોક્રોમ કે જેનાઈટર વાયોલેટથી સાફ કરવુ પડે.

હાલના સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓએ ઉલટતપાસ દરયાન સ્વીકારેલ છે કે ફોર્મ–એ અને ફોર્મ–બી તેઓએ ભરેલા છે. હાલના સાહેદે તેઓની જુબાની માં સીરીંજનો ઉપયોગ કરતાં પહેલા બોઈલીંગ વોટરમાં રાખી સ્ટેરીલાઈઝ કરેલ હોય તેવુ જણાવેલ નથી. જેથી આ ફરજીયાત પ્રક્રિયા તેઓએ પાલન કરેલ છે તે સ્પષ્ટ થતુ નથી. આમ આ સાહેદની જુબાનીમાં સાહેદે રૂલ–૩ અને રૂલ–૪(૧) નુ સમગ્રપણે પાલન કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.

આ કામે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૪(૨) માં જણાવેલ છે કે

“The sample blood collected in the phial in the manner stated in sub-rule(1) **shall** be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its

collection. It shall be accompanied by a forwarding letter in Form "B" which **shall** bear a facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood.”

રૂલ–૪(૨) માં શબ્દ **"Shall"** નો ઉપયોગ કરવામાં આવેલ છે. વધુમાં રૂલ–૪(૨) જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે બલ્ડ સેમ્પલ કલેકટ કર્યા પછી બલ્ડ સેમ્પલને ટેસ્ટ કરવા માટે ટેસ્ટીંગ ઓફીસરને પોસ્ટ કે સ્પેશ્યલ મેસેન્જર દવારા જ મોકલવુ પડે. તે માટે તેઓએ ફોર્મ – બી ભરવાનુ હોય છે પરંતુ હાલના કામે ફોર્મ– બી રજુ થયેલ નથી. અહીં ફોર્મ – બી રજુ કરવામાં આવેલ ન હોય જેથી મેડીકલ ઓફીસરશ્રી ઘ્વારા લેવામાં આવેલ બ્લડ કયા માઘ્યમથી એફ.એસ.એલ.માં એનાલીસીસ માટે મોકલવામાં આવેલુ, વધુમાં સદર બ્લડ લેવા માટે કઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલી, તે તમામ બાબતો ફોમ– બી રજુ થયેલ ન હોય તેથી ચોકકસ પણે જાણી શકાય નહી. જેથી અહી રૂલ–૪(૨) નુ સમગ્ર પણે પાલન કરવામાં આવેલ હોય તેવુ કહી શકાય નહી. બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ વંચાણે લેતાં એવુ જણાઈ આવે છે કે ફોર્મ–બી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ પ્રમાણે તૈયાર કરવુ ફરજીયાત છે. પરંતુ હાલના કામે ફોર્મ– બી તૈયાર કરવામાં આવેલ કે નહી તે હકીકતો જ શં કાના ઘેરામાં છે. જેથી લોહીના પરીક્ષણનો રીપોર્ટ આંક–૩૬ થી રજુ કરવામાં આવેલ છે. જો ફોર્મ–બી શંકાના દાયરામાં હોય તો ફોર્મ–સી ને માની શકાય નહી જેથી ફરીયાદપક્ષનો કેસ શંકાના દાયરામાં આવે છે.

આમ, આ સમગ્ર પુરાવો જોતા આ કામના આરોપીએ તા.૨૩.૦૨.૨૦૨૩ ના રોજ કલાક ૦૧:૦૦ વાગ્યાના સુમારે મોજે. દેવગઢ બારીઆ ભે દરવાજા પાસે રોડ ઉપર પ્રોહી પ્ર તિબંધક એરીયામાં વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલી હાલતમાં મળી આવી પકડાઈ જઈ ગુનો હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં, ડોકટર ઘ્વારા મેન્ડેટરી જોગવાઈનુ પાલન કરવામાં આવેલ ન હોય, જેથી જો મેન્ડેટરી જોગવાઈનું પાલન કરવામાં ન

આવે તો તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી મુદ્દા નં.(૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.(૨) પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના **આરોપી ક્રિષ્ણપાલ બાલુરામ મીણા, ઉ.વ.આ.૧૯, ધંધો– ખેતી, રહે. અરનોડ, દુરાવલો કા ખેરા, તા.જી.પ્રતાપગઢ, રાજસ્થાન) નાઓને પ્રો. કોડની** કલમ – ૨૫૫ (૧) અન્વયે પ્રોહી. એકટ ની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના જામીન છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો** :– આજરોજ તા.**૨૫ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૫.૦૩.૨૦૨૬
દેવગઢ બારીઆ.

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
એડી.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીઆ.
(UI Code: GJ01738)